**જામનગરના વિશેષ ન્યાયાધીશ (પોક્સો) અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ફો.પ.અ.નં. ૩૩૨/૨૦૨૬**
**આંક:૫**

सत्यमेव जयते

**અહમદરઝા મહમદહુશેન નાઈ,**
ઉ.વ. ૩૬, ધંધો: પ્રાઈવેટ નોકરી,
રે. ચુનાનો ભઠ્ઠો, ઢોલીયા પીરની દરગાહ પાસે,
એ–૧ ડેરીની બાજુમાં, તા.જિ. જામનગર. ..... અરજદાર

**વિરુદ્ધ**

**ધ સ્ટેટ ઓફ ગુજરાત**
નોટિસ થ્રુ ડી.જી.પી. જામનગર.
જામનગર. ..... સામાવાળા

**વિષય:–** મુદ્દામાલ મોટર સાયકલ પરત મળવા અંગે.

---

અરજદાર તરફે એલ.એ.ડી.સી. મારફત વિદ્વાન વકીલશ્રી કે.કે.ઝાલા
સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી જે.કે. ભંડેરી.

---

**–:: ઠરાવ ::–**

૧. આ કામના અરજદારે હાલની અરજી આપી સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૮૨૫૨૩૮૭/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૮(૨), ૩૫૧(૨), ૩૫૨, જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૧૨ મુજબના ગુન્હાના કામે પોલીસે આ કામના અરજદાર/આરોપી પાસેથી મુદ્દામાલ તરીકે કબજે કરેલ મુદ્દામાલ ટી.વી.એસ.કંપનીનું ૨૦૧૯ના મોડલવાળુ જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ–10–DD–3558 છે તે પરત મળવા માટે અરજી કરેલ છે.

૨. અરજદારની અરજીની નોટિસની બજવણી થતાં સરકાર પક્ષે વિદ્વાન સરકારી વકીલશ્રી જે.કે.ભંડેરી હાજર રહેલા છે અને તેઓએ આંક-૪ થી પોલીસ અભિપ્રાય રજૂ રાખેલ છે, જે વંચાણે લીધો.

૩. અરજદાર તરફે હાલની અરજી કરી જણાવેલ છે કે, સદરહુ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ-10-DD-3558 આ કામના અરજદાર/આરોપી પાસેથી પોલીસ એજન્સીએ કબજે લીધેલ છે. સદરહુ મોટર સાયકલ અરજદાર/આરોપીના નામનું છે અને તેઓ હાલના મુદ્દામાલનો વચગાળાનો કબજો મેળવવા હક્કદાર હોઈ, તેઓએ અરજીના સમર્થનમાં આર.સી બુકની નકલ તથા બિલની નકલ રજૂ રાખી મુદ્દામાલ મોટર સાયકલ પરત સોંપવા અરજ કરેલ છે.

૪. આ કામે બંને પક્ષકારોની દલીલો સાંભળી, અરજદાર તર્ફે રજૂ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા તથા આંક-૪થી રજૂ થયેલ પોલીસ અભિપ્રાય વંચાણે લીધો.

૫. બંને પક્ષકારો તરફેની રજૂઆતો તેમજ અરજદારની અરજી તથા રેકર્ડ વંચાણે લેતાં સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૮૨૫૨૩૮૭/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૧(૨), ૩૫૨, જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૧૨ મુજબના ગુનાના કામે મુદ્દામાલ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ-10-DD-3558 છે તે મોટર સાયકલ આ કામના અરજદાર/આરોપીએ રજૂ કરતાં કબજે કરેલ છે. આ કામે સદરહુ મોટર સાયકલની આર.સી.બુક જોતાં મુદ્દામાલ મોટર સાયકલ હાલના અરજદારનું હોવાનું ફલિત થાય છે. વધુમાં મુદ્દામાલ મોટર સાયકલ પોલીસ સ્ટેશનમાં લાંબો સમય પડી રહે તો તેમાં ખરાબી અને નુકશાન થવાનો સંભવ રહેલ છે. જેથી **૨૦૦૩(૨) જી.એલ.આર.**

**૧૩૩૭** ઉપર પ્રસિદ્ધ થયેલ **સુંદરભાઈ અંબાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**નો નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં પોલીસ સ્ટેશનમાં લાંબા સમયથી પડી રહેલ મુદ્દામાલનો નિકાલ કાર્યવાહીના પ્રારંભિક તબક્કામાં જ કરી નાંખવો જોઇએ તેવું સ્પષ્ટ ઠરાવેલ છે.

**૬.** આમ, અરજદારની અરજીની હકીકતો જોતાં મુદ્દામાલ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ-10-DD-3558 વાળુ મોટર સાયકલ અરજદારની માલિકીનું હોવાનું જણાય છે. તેમજ હાલના અરજદાર સિવાય અન્ય કોઈ દાવેદાર આજ દિન સુધી આ મુદ્દામાલ અંગે રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સદરહુ મુદ્દામાલની તપાસના કામે કોઇ જરૂરિયાત હોય તેવું આંક-૪ના પોલીસ અભિપ્રાયમાં જણાવેલ નથી. જેથી સદર મુદ્દામાલ મોટર સાયકલ પોલીસ સ્ટેશનમાં પડી રહેવા દેવાથી કોઈપણ રીતે વાજબી કે ન્યાયોચિત જણાતું નથી. જેથી અરજદારની હાલની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

**૧.** અરજદારની હાલની મુદ્દામાલ અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૮૨૫૨૩૮૭/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૮(૨), ૩૫૧(૨), ૩૫૨, જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૧૨ મુજબના ગુનાના કામે કબજે લેવાયેલ મુદ્દામાલ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ-10-DD-3558 વાળુ જેના ચેસીસ નં.MD626EG49K1G19573 છે જે મુદ્દામાલ પાવતી નં.૯૧/૨૦૨૬માં જણાવેલ મોટર સાયકલની કિંમતના દોઢી રકમના સદ્ધર જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યેથી આ કામના

અરજદારને નીચેની શરતોએ સોંપવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧. અરજદારે મુદ્દામાલ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ–10–DD–3558 વાળુ મોટર સાયકલનો ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહિ.

૨. અરજદારે મુદ્દામાલ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ–10–DD–3558 વાળુ મોટર સાયકલ આખરી હુકમ ન થાય ત્યાં સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેચાણ, એસાઈન, ટ્રાન્સફર કે તબદીલ કરવો નહિ.

૩. અરજદારે મુદ્દામાલ ટી.વી.એસ. કંપનીનું જ્યુપીટર મોટર સાયકલ જેના રજી.નં. GJ–10–DD–3558 વાળુ મોટર સાયકલની ઓળખ બદલાય તેવું કોઈપણ પ્રકારનું કૃત્ય કરવું નહિ.

૪. અરજદારે અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં સદરહુ મુદ્દામાલ રજૂ કરવાનો રહેશે.

**૩.** ઉપરોક્ત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેલી આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

**૪.** આ હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી. જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૦મી માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૦/૦૩/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબીન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539